વત્સલા પૂજાનો થાળ લઈ શિવમંદિરમાંથી નીકળી. થાળ ઉતાવળે પાળે મૂક્યો. ખોરડું અને ખેતર વટાવીને ટીલે જઈ પહોંચવા ઉગમણી દિશા પકડી. ટીલા પરથી લાંબી નજરે જોતાં ચંદ્રપુર ગામનું પાદર દેખાતું. કોઈ આવનારનાં એંધાણ ત્યાંથી જ મળતાં.

વેગમતી નદીને કાંઠે નાનકડું શિવમંદિર. એમાં નાનકડા ગામના નાનકડા ભગવાન બિરાજે. બાજુમાં આખું ચોમાસું વેગમતી નદી એના નામને સાચું ઠેરવતી હોય એમ વહેતી અને શિયાળો વીતે ત્યાં લગી નદીનાં પાણીની ગતિ મંદ પડતી જતી. પછી તો માત્ર એની ખળખળ શિવમંદિરની પાછલી ભીંત પર અભિષેક કરતી. બિસ્માર મંદિરના પથ્થરો સદીઓ જૂના. કોઈ કાળે કદાચ મંદિરની રોનક હશે, પણ આજકાલ રડ્યાખડ્યા વટેમાર્ગુ સિવાય અહીં કોઈ આવતું નથી. મંદિરને અડીને વત્સલાનું ખોરડું.

ટીલા તરફ જતી વત્સલાને ઘોડાના પગની ખરીના અવાજો સંભળાયા. વત્સલાને ઉગમણી દિશામાંથી, ગામ તરફથી આવનારની પ્રતીક્ષા હતી, પણ અવાજ તો આથમણી દિશાના વગડા તરફથી આવતો હતો. કોણ હશે આ ટાણે? વત્સલાએ પાછળ ફરી નજર નાખી. બસો હાથ દૂર લાલ વસ્ત્ર પહેરીને આવતા અસવારને જોઈ એ સમજી ગઈ કે આ તો કંપની સરકારનો કોઈ હિંદુસ્તાની સૈનિક! માલવપુરથી સૂરજગઢ જઈ રહ્યો હશે. કોણ જાણે કેમ, મહિના પહેલાં આ 1915નું અંગ્રેજી વરસ બેઠું ત્યારથી આ દેશી સૈનિકોની અવરજવર પણ વધતી જતી હતી.

શિવમંદિરથી ચંદ્રપુર ગામ ઉગમણી દિશામાં એકાદ ગાઉ દૂર હશે. ચંદ્રપુર ગામથી સામે દખણાદે કિનારે જવું હોય તો કંપની સરકારે બાંધેલો પથ્થરિયો પુલ પસાર કરીને જવાય. આજકાલ બધા પુલનું નામ વિક્ટોરિયા

પુલ, પણ ગ્રામવાસીને મન જૂના એ લક્કડિયા પુલ ને નવા એ પથ્થરિયા પુલ! પુલને સામે કિનારે સૂરજગઢ ગામ વસેલું. બન્ને ગામનાં કદમાંય સૂરજ અને ચંદ્ર જેટલો તફાવત. પહેલાં તો કદાચ સૂરજગઢ ગામ સૂરજપુર જ કહેવાતું હશે, પણ સિસોદિયા વંશના રાજાઓએ વેગમતી નદીના સામે કાંઠે ગઢ બાંધ્યો હશે ત્યારથી સૂરજગઢ નામ પડ્યું હશે.

નદીના સૂરજગઢ તરફના દખણાદા કિનારે ખાસી વસ્તી હતી, આગળ બીજા રજવાડાંની સરહદો પણ લાગતી, પણ નદીના ઓતરાદા કિનારે વગડાઉ પહાડી વિસ્તાર લાગે. ચંદ્રપુરથી આથમણી દિશામાં વીસ ગાઉ પછી પહેલું ગામ આવે તે માલવપુર. એટલે માલવપુરથી કોઈ સૂરજગઢ તરફ નીકળે તો વીસ ગાઉ સુધી વગડો પસાર કર્યા પછી પહેલું ગામ ચંદ્રપુર આવે અને આવનારે મોટે ભાગે પુલ પસાર કરી સૂરજગઢ જવાનું હોય. પણ ચંદ્રપુર આવે એના એક ગાઉ પહેલાં આ શિવમંદિર આવે. તરસ્યા ઘોડેસવારો મંદિરના ઓટલે બેસે.

સામે વહેતી નદી જોઈ પાણી પીવા વિચારે ત્યાં તો હસતીખેલતી વત્સલા એના ખોરડામાંથી દોડીને વહેતી આવે અને વટેમાર્ગુને તાંબાના લોટાથી માટલાનું પાણી પીવડાવે.

બહુ તરસ્યા હોય એ તો તરત પાણી પી લે. અમુક પાણી પીતાં પહેલાં આપનારની જાત પૂછે. 19 વરસની છોકરી કોઈ પણ જાતિની હોય રૂપાળી જ લાગે. એનું રૂપ આંખોથી તો સહુ ધરાઈને પીએ, પણ મરજાદીઓ એના હાથનું પાણી પીતાં પહેલાં ખાતરી કરે કે અભડાઈ તો નહીં જવાય ને? પણ આ બધાથી વત્સલા ટેવાયેલી હતી અને એ બાબતે બેપરવા હતી.

કાયમના ક્રમ પ્રમાણે વત્સલા ઘોડાની ટાપનો અવાજ સાંભળી ખોરડામાં જઈ લોટો પાણી લઈ આવી. ઘોડેસવાર આવ્યો. એના હાથમાં એક વીંટો વાળેલો રુક્કો હતો. વત્સલાને ખ્યાલ આવ્યો કે સૈનિક કદાચ સૂરજગઢના રજવાડાં માટે અંગ્રેજ એજંટનો કોઈ સંદેશો લઈને આવ્યો હશે.

સૈનિકે લોટાને હાથ અડાડતાં પહેલાં પૂછ્યું, "એય છોકરી! કઈ જાતની છે?"

વત્સલા કંઈ જવાબ આપે? એ તો મોટેથી બોલી, “બાપુ! આ આપણી જાત પૂછે છે!” મંદિરમાંથી એક સાઠેક વરસની કાયા બહાર ડોકાઈ એટલે વટેમાર્ગુ સૈનિકને ખાતરી થઈ કે આ તો પૂજારીની દીકરી છે!

બેફિકર થઈ પાણી પીધા પછી વટેમાર્ગુ સૈનિકે સવાલ પણ ન લાગે અને પ્રતીતિ પણ ન લાગે એ રીતે ધરાયેલો ઉદ્‌ગાર કાઢ્યો, “...તો... બ્રાહ્મણ છો તમે!”

માણેકબાપુ બોલ્યા, “ના!”

વટેમાર્ગુ વિચારમાં પડ્યો. કોઈ ખવાસિયાના ઘરનું પાણી તો નથી પિવાઈ ગયું ને! આ ઘર ઉપરાંત શિવમંદિરથી સો હાથ દૂર બીજા બે ઘર દેખાય છે. એ પૂછે છે, “પેલા દેખાય તે ખવાસનાં ખોરડાં છે?”

“હા, એ બન્ને ખોરડાં ખવાસનાં છે!”

“અને આ?” વટેમાર્ગુની નજર હવે વત્સલાના ખોરડા પર ઠરે છે. દરવાજાની બાજુમાં લટકેલી કટાયેલી કટારી, એક ખાટલી અને એક હુક્કો નજરે ચડે છે. ઘર દરિદ્રતાની ચાડી ખાય છે, પણ ઘર ખવાસનું નથી લાગતું.

મંદિરના તૂટેલા ઓટલે આસન જમાવતાં માણેકબાપુ બોલ્યા, “બેસો ઘડીક!”

સૈનિકે બેસવું નહોતું. “જવાબ ન આપ્યો, કોનું ખોરડું છે આ?”

એ જ પળે મંદિરની ધજા પરથી એક કબૂતર ઊડીને એક વીઘાના નાનકડા ખેતરને પસાર કરીને ટીલા પર એકલવાયા ઊભેલા ખીજડાના ઝાડ પર જઈને બેઠું.

“આ કબૂતરે ઊડીને આવર્યું એટલું મારું રજવાડું! આ મંદિરની ધજા મારી નહીં, પેલો ખીજડો મારો નહીં, પણ એ બે વચાળેનું આ વીઘું મારું! ખવાસની બાજુમાં રહું છું. પૂજારી જેવો લાગું છું, ખેતી કરીને પેટિયું ભરું છું, પણ છું રાજપૂત!”

છેલ્લા બે કામના શબ્દો પર ધ્યાન આપી સૈનિકે ઘોડો પલાણ્યો.

માણેકબાપુને લાગ્યું કે એની આવી મજાની વાતો સાંભળીને તો સામે વેલા પર લાગેલી કૂણી કાકડીઓય હસી પડે, પણ આ સૈનિક તો જવાબદારીની ભાર નીચે હસવાનુંય ભૂલી ગયો લાગે છે.

એકાંત સ્થળે રહેનારાંને વાત કરનારું મળે તો એ તો કસુંબો જમાવે, અવનવી વાતો ઘડે અને ટાણું હોય તો મે'માન માટે બે રોટલાય ઘડી દે! સાધુબાવા કે ભગત હોય તો રોકાઈ પણ જાય, પણ આ તો સૈનિક હતો. ઉતાવળમાં હતો. ઘોડો પલાણી એની પીઠ પર એડી મારી, વેલા પરથી બે કાકડી તોડીને નીકળ્યો. ઘડી ભરમાં તો પોતે જ ઉડાડેલી ધૂળના ગોટા પાછળ અદૃશ્ય થઈ ગયો.

વત્સલા ફરી ટીલા તરફ જવા લાગી. માણેકબાપુને પણ કંઈ કામ યાદ આવ્યું, સૈનિકની પાછળ માણેકબાપુય હાલી નીકળ્યા.

"હું શાહુકારને ત્યાં જાઉં છું!"

'શાહુકાર' શબ્દ સાંભળી ટીલા તરફ જઈ રહેલી વત્સલાની ચાલ ખોડંગાઈ.

વત્સલાની તેજ નજર પડે એ પહેલાં માણેકબાપુએ ઝડપથી કાપડની એક નાની પોટલી કમરપટ્ટાની અંદર ફસાવી, પણ ચકોર વત્સલા સમજી ગઈ કે એની મરેલી માનું છેલ્લું ઘરેણું વ્યાજ તરીકે શાહુકારને ત્યાં જઈ રહ્યું હતું. વીઘું બચાવવું કે ઘરેણું? એ સવાલનો જવાબ બહુ સીધો હતો.

વત્સલાએ બાપુ સામે એક ક્ષણ જોઈ, તરત નજર ફેરવી લઈ એમને મૂંગી રજા આપી અને આંખ મંદિર તરફ ફેરવી. મંદિરના ગભારાની ધસી પડતી દીવાલ જોઈ એને થયું કે કપરા કાળ સામે ભગવાન પણ અસ્તિત્વ ટકાવવા મથી રહ્યા હતા, ત્યાં ઇન્સાનનું શું ગજું? ચોમાસું નબળું ગયું હતું. અનાજ ખાસ થયું નહીં. તોય ચાર માસમાં બસ બે-ચાર દા'ડા છલકાયેલી વેગમતી નદીનું પાણી ખોરડાની પાછલી નબળી દીવાલને પડકારી રહ્યું હતું.

સૂરજપુર શાહુકારને મળવા જતા માણેકબાપુની પીઠને વત્સલા તાકી રહી. વત્સલાએ સહેજ અકળામણથી સૈનિકે અડધી ખાઈને ફેંકેલી કાકડી

ઉઠાવીને કબૂતરના માળા તરફ ફેંકી. નવી ઊગી રહેલી કાકડીઓ તરફ નજર નાખી એ ટીલા તરફ દોડી. રોજની જેમ રાહ જોવા.

ટીલે જઈ વત્સલાએ જોયું કે શાહુકારને મળવા જઈ રહેલા માણેકબાપુની દીવાલ જેવી પીઠ હવે ટપકા જેવી દેખાતી હતી. બાપુ દેખાતા બંધ થયા એટલે વત્સલા ટીલા પર ખીજડાના ઝાડની નીચેના પથ્થર પર બેઠી. એ પથ્થર એટલે વત્સલાનું સિંહાસન! અહીંથી ચંદ્રપુરનું પાદર દેખાતું, પણ ગામથી અહીં મંદિર સુધી આવતો કાચો રસ્તો ઝાડીઓમાં ઢંકાઈ જતો. તોય ઘોડાના પરિચિત પદચાપ સંભળાતાં જ એને ખ્યાલ આવી ગયો કે એ જેની રાહ જોઈ રહી છે એ આવી રહ્યો છે.

એની રાહ જોવા માટે આ ટીલે ચડવું જરૂરી હતું, પણ એ આવી જાય પછી ફરી પાછા મોટા પથ્થરો પરથી ઊતરીને નીચે વહેતી નદીના પટમાં પગ બોળીને બેસવાનું જ એ બન્નેને ગમતું.

એ એટલે વીરસિંહ! નદીનો એ વહેળો એટલે વીર અને વત્સલાનું રજવાડું.

ટીલાની નીચેના ભાગે વેગમતી નદી વળાંક લેતી, ત્યાં પથ્થરો ઝાઝા અને પાણી થોડું હોય. દર ચોમાસે વહેણ પાસેના પથ્થરો થોડા સુંવાળા થાય. અને પ્રવાહ વધે ત્યારે દૂર કાંઠાના પથ્થરો તૂટીને ખરબચડા થાય. કુદરતની આ ઊલટફેરનાં સાક્ષી એવાં થોડાં પક્ષીઓ હવે આ વહેળામાં બે જણની હાજરીથી ટેવાઈ ગયાં હતાં. છેલ્લા દસ માસમાં દરેક ઋતુમાં એમણે ગુફ્તગૂ કરી હતી. ગઈ હોળીના મેળામાં વીરસિંહ અને વત્સલાની નજરો મળી ત્યારથી રોજ ઢળતી બપોરે વીરસિંહ વત્સલાને મળવા આવતો. વીરસિંહ ચોવીસ વરસનો ફૂટડો યુવાન હતો. પાતળી કટાર જેવી મૂછો અને ઘોડે લટકેલી બેનાળી બંદૂક. બેનાળી જૂની હતી પણ વીરસિંહનું નિશાન પંથકમાં પંકાતું.

વત્સલાએ બાપુની, નદીની, મંદિરની, કબૂતરોની અને વટેમાર્ગુની વાત કરી. વીરસિંહે ચંદ્રપુરને પાદરે બેસતા જવાનિયાઓનાં પરાક્રમોની, સૂરજગઢના રજવાડાંની ખટપટોની વાત સંભળાવી. આ વાતોની આપ-લે પૂરી થઈ એટલે વત્સલા બોલી, “ઓલું સૂરજગઢના ડેલામાં ભૂંગળા-વાજાં પર સાંભળેલું એ ગીત સંભળાવને!”

“ઓલું દેશી નાટક સમાજનું ગીત?”

“હા, એ જ...”

વીરસિંહે એનો ભરખમ અવાજ બને એટલો, નટી જેટલો, પાતળો કરવાની કોશિશ કરીને ગાયું,

*“વાંકડિયા વાળ પર મોહી*
*છબીલા, હું તો વાંકડિયા વાળ પર મોહી.”*

વત્સલાએ રોજની જેમ આ ગીત સાંભળ્યું અને પછી પોતાની મીઠી હલકથી ફરી ગાયું. સાથેસાથે વીરસિંહના વાંકડિયા વાળમાં હાથ ફેરવતી રહી. વીરસિંહને લગભગ મીઠી તંદ્રા આવી ગઈ.

સમય પસાર થવાનું ભૂલી તો નથી ગયો ને, એની ખાતરી કરવા નદીમાં કાંકરો નાખી વત્સલા બોલી, “આપણે મળ્યાં એને આ હોળી પર વરસ થશે!”

બે જણ વચ્ચેનો સંબંધ વરસની બધી ઋતુ જોઈ લે તો એને કાયમી નામ આપી શકાય, એવી સાદી સમજથી વત્સલાનું હૈયું ઊછળી રહ્યું હતું અને લોહીના એ ઉછાળાથી એના ગાલ ગુલાબી થયા, “મેં જોયું કે તમને છોકરાઓને પ્રેમની ઉતાવળ હોય! લગનની નહીં.”

“તને ઉતાવળ છે?” વત્સલાની આંખોમાં ડૂબતાં વીરસિંહ બોલ્યો.

નજીક આવી રહેલા વીરસિંહથી સહેજ દૂર ખસતાં વત્સલા બોલી, “બાપુને ઉતાવળ છે!”

“લે કર વાત! તારા બાપુને જમાઈ લાવવાની ઉતાવળ છે?”

“ના રે! જમાઈ તો જમનો ભાઈ કે’વાય. આ તો ખેતરમાં હળ છે, પણ બળદ નથી. અમે બન્ને બાપ-દીકરી હળ ખેંચીખેંચીને કેટલું ખેંચીએ?”

“અચ્છા! તો તમને બળદ જોઈએ છે!”

“બળદ જેવું કામ આપી શકે, એવો જમાઈ ચાલે!”

“મારે હાથ પીળા કરવા છે, પગ માટીવાળા નથ કરવા!”

નજીકથી એક સાંઠીકડું લઈ ઉગામતાં વત્સલા બોલી, “બોલ, સાચું બોલ, ઉતાવળ છે કે નહીં, હાથ પીળા કરવાની?”

“ફોઈ-ફુઆ કહેતા હતા કે આ ઉનાળે, નહીં તો આવતે ઉનાળે, છોકરી શોધીને તારા હાથ પીળા કરવા જ છે.”

અનાથ વીરસિંહનાં ફોઈ-ફુઆનો ઉલ્લેખ આવતાં જ વત્સલા વહાલની

દુનિયામાંથી તરત વ્યવહારની દુનિયામાં આવી પડી. હોળી પછી લગનસરો બેસે. હોળી પર શિયાળુ અનાજ વેચાય, રકમ આવે તો જ દીકરીઓ વળાવાય! અહીં તો... વત્સલા જરા ઉદાસ થઈ ગઈ.

"તેં ફોઈ-ફુઆને કહ્યું નહીં કે એક છોકરી શોધી લીધી છે?"

"કહીશ. પણ વિચારું છું કે કોક રજવાડાંની નોકરી મળે, જાતે કમાતો થઈ જાઉં, બે વીઘાં જમીન ખરીદી લઉં પછી મનગમતી છોકરી સાથે લગનની વાત કરું તો નનૈયો ન મળે!"

"અત્યારે કહે તો?"

વીરસિંહ ચૂપ થઈ ગયો. વત્સલા સમજી ગઈ કે મુદ્દો શું હોઈ શકે. વીરસિંહ કદાચ કહેવા નહોતો માગતો કે ફોઈનો પહેલો સવાલ એ હોય કે વહુ કેટલાં ઘરેણાં લઈને આવશે?

છોકરાનો પરિવાર આમ જ કરે ને! વળી વીરસિંહનાં ફોઈ-ફુઆએ તો એક અનાથના ઉછેરની કિંમત વસૂલવાની હતી.

ધીમે રહી એ બોલી, "તો આ વરસે આપણાં લગન નહીં લેવાય!"

કંઈ જુદા જ વિચારમાં પડી ગયેલો વીરસિંહ બોલ્યો, "આ વરસે તો લોહીની હોળી ખેલાવાની છે!"

નદીના આ કાંઠાની શાંતિને ચીરતો ઢોલનો અવાજ પેલે પારથી વાતાવરણમાં પડઘાવા લાગ્યો. કબૂતરો ગભરાઈને ઊડવા લાગ્યાં. ચકલીઓ ચીંચીં કરવા લાગી. ધ્યાનસ્થ બગલાંઓએ પણ ડોક ફેરવી.

નદીને સામે પાર સૂરજગઢ તરફથી ઢોલીઓ ધ્રિબાંગ ધ્રિબાંગ ઢોલ વગાડી રહ્યા હતા. બપોરની તંદ્રામાંથી જાગેલા ગ્રામવાસીઓના કાન સરવા થયા એટલે ફરમાન સંભળાયું,

*"સાંભળો, સાંભળો, સાંભળો...*
*વિશ્વયુદ્ધ મંડાઈ ચૂક્યું છે,*
*આલમી જંગ શરૂ થઈ ચૂક્યો છે!*

*એક તરફ કંપની બહાદુર,*
*બીજી તરફ દુશ્મન દેશ જર્મની અને તુર્કી*
*હુમલો કરી રહ્યા છે...*

*હોશિયાર, ખબરદાર, સાવધાન!*
*કિંગ જ્યૉર્જ પંચમ ઘણું જીવો!*
*કંપની રાજ અમર રહો!"*

કિનારાના વાતાવરણમાં ગોફણની જેમ આવા અવાજો ફંગોળી ઢોલીઓની ટોળી સૂરજગઢની કોઈ ગલીમાં ઘૂસી ગઈ.

વીરસિંહની મુખરેખા તંગ થઈ એ જોઈ વત્સલાએ એના ચહેરે હાથ ફેરવ્યો. તંગરેખાઓ ભૂંસી નાખવા માટે. વત્સલાએ વીરસિંહના હાથમાં હાથ મૂક્યો, "ધારો કે સાત સમંદર પાર કોઈ મોટી લડાઈ ચાલે, એમાં આપણને શું?"

"ઘેલી, મોટી લડાઈ નહીં, વિશ્વયુદ્ધ ચાલે છે!" આઠ ચોપડી ભણેલો વીરસિંહ બોલ્યો.

"બધા કહે છે કે આઠ માસથી કજિયો ચાલે છે, તે હજુ પત્યો નથી?"

"ઘેલી! આ કજિયો નથી, યુદ્ધ છે. લડાઈ વધતી જ જાય છે ને બીજા મલક જોડાતાં જ જાય છે." વીરસિંહ ઘણા બધા દેશોનાં નામ બોલ્યો પણ વત્સલાની ભૂગોળની સમજ માલવપુરથી સૂરજગઢ સુધી જ સીમિત હતી.

"હવે આપણો દેશ પણ આ મોટી લડાઈમાં જોડાશે!" વીરસિંહ પોતાનાં બાવડાં થપથપાવતાં બોલ્યો.

"હં, સિપાહીઓની અવરજવર તો વધી જ છે, વાડ પર જેટલી નવી કાકડી ઊગે છે, મૂઆ એના કરતાં વધારે કાકડીઓ ખાઈ જાય છે!" યુદ્ધની અસર માણેકબાપુના ખેતરડાના અર્થશાસ્ત્ર પર પણ પડી હતી.

થોડી વારમાં ઢોલીઓ સૂરજગઢની ગલીઓમાં ફરમાન સંભળાવી પુલ સુધી આવી પહોંચ્યા ત્યારે ફરી વાર એમનો અવાજ કળાયો,

*“હોશિયાર, ખબરદાર સાવધાન!*
*કંપની બહાદુર તરફે લડવા સૈન્ય મોકલવાનું છે,*
*કંપની બહાદુરનો હુકમ છે,*
*જેનો મૂછનો દોરો ફૂટ્યો હોય એવા*
*તમામ જવાનિયાને માલમ થાય*
*જેના હાથપગ સલામત છે,*
*જેની ઉંમર ચાળીસથી ઓછી છે,*
*એવા તમામ જવાનિયાને માલમ થાય કે*
*કાલે સૂરજગઢમાં લશ્કરમાં ભરતી થાવા હાટુ મેળો છે!*

*હોશિયાર, ખબરદાર સાવધાન!*
*કિંગ જ્યૉર્જ પંચમ ઘણું જીવો!*
*કંપની રાજ અમર રહો!”*

ઢોલીઓ ચંદ્રપુરના પાદરથી ગામની અંદર ગયા એટલે એમના અવાજો સંભળાતા બંધ થયા.

વત્સલાના કોમળ ચહેરા પર પહેલાં કદી ન દેખાયેલી લકીરો ખેંચાઈ. એણે વીરસિંહની હથેળી હાથમાં લીધી. કોણ જાણે કેમ વીરસિંહના લોહીમાં ખળભળાટ હોય એવું એને અનુભવાયું.

“લે, કર વાત! લડાઈની વાતથી તારું તો લોહી ગરમ થઈ ગયું!”

વીરસિંહ બોલ્યો, “તે થાય જ ને, અમારા કટમમાં સાત પેઢીથી લડવૈયા જ પાક્યા છે. કોઈ બીમારીથી મર્યું નથી, બધા લડાઈમાં જ મરી ફીટ્યા છે!”

વત્સલા હસી, “અમારા કટમની વાત કરું? એક મોટ્ટી લડાઈમાં લડવું ન પડે એટલા માટે મારા દાદા ભગત થઈ ગયેલા!”

“એ જ સત્તાવનની લડાઈ! એમાં જ મારા દાદા અંગ્રેજ રાજ સામેની લડાઈમાં ખપી ગયા. શહીદ થઈ ગયા!”

વત્સલા વીરસિંહની ગાથા સાંભળતી રહી.

"પણ અંગ્રેજ રાજ ન ગયું, ઊલટું એની જડ આખા દેશમાં ફેલાણી. પછી તો મારા બાપજી અંગ્રેજ બહાદુરની સેના માટે લડીને શહીદ થયા..."

વત્સલા હસીને બોલી, "દાદા અંગ્રેજોની સામે લડ્યા, બાપજી અંગ્રેજોની તરફે લડ્યા, તું કોના માટે લડશે?"

"ગાંડી! એક સૈનિક એની ટુકડીના સેનાપતિ માટે લડે. સેનાપતિ રજવાડાં માટે લડે. અને રજવાડું અંગ્રેજોની સાથે છે કે વિરુદ્ધમાં ઈ રાજા જુએ! આપણે તો બસ લડવાનું!"

વત્સલાને આ ગણિત સમજાયું નહીં, "અને... આ બધી લડાઈઓ પૂરી થાય પછી તો તું ખેતી કરશે ને?"

"જમીન હોય તો ખેતી કરું ને?"

ત્યાં જ ચંદ્રપુર ગામ તરફથી પાછા આવી રહેલા ઢોલીઓનો અવાજ ફરી સંભળાયો,

*"સાંભળો, સાંભળો, સાંભળો...*
*હોશિયાર, ખબરદાર, સાવધાન!*

*લશ્કરમાં ભરતીનો મેળો કાલે*
*છાતી કાઢી જુવાન આગળ ચાલે!*
*લડાઈ પૂરી થયે જુવાનને મળશે ચાર વીઘાં જમીન*
*લડાઈમાં ખપી જાય તો કટમને મળશે આઠ વીઘાં જમીન*

*હોશિયાર, ખબરદાર સાવધાન!*
*કિંગ જ્યૉર્જ પંચમ ઘણું જીવો!*
*કંપની રાજ અમર રહો!"*

વીરસિંહને માટે હવે ચાર (કે આઠ) વીઘાં જમીન મેળવવાનો રસ્તો હાથવગો હતો.

સાંજ પડતાં પહેલાં તો ચંદ્રપુરના પાદરે જુવાનિયા ભેગા થવા લાગ્યા. આજે તો ઘરડાઓ પણ ખાસા હતા. વાતાવરણમાં ઉશ્કેરાટ હતો. અમુકને માટે આ ફરમાન રોજગારીની નવી તક બનીને આવ્યું, તો અમુકને માટે આ બસ એક તમાશો હતો. લડાઈની રમ્યકથાઓ અને અફવાઓ તો આમેય રોચક હોય.

એક જવાનિયો તો પોતાની બેનાળી લઈને દોડી આવ્યો.

વીરસિંહે હસીને એની બેનાળી હાથમાં લીધી, એની કળ દાબી વચ્ચેથી વાળીને એની રચના જોતાં બોલ્યો, "આ નો હાલે ન્યાં! આની કળમાં તું તેલ પૂરે, આને તું કપાસથી સાફ કરે, એની નાળમાં ફૂંક મારે, એમાં પોટાશ ભરે ને ચાંપ દબાવે ન્યાં લગ તો લડાઈ પૂરી થઈ જાય!"

"તો? તારી બેનાળી કઈ વિલાયતી છે?"

"નથી, પણ આપણને કંપની બહાદુર હથિયાર આપશે! જેનું નિશાન સારું એને મોંઘું હથિયાર!" વીરસિંહ સામે પાર ક્યાંક નિશાન તાકતાં બોલ્યો.

ગપુ ઘાંચજો બોલ્યો, "નવરીનાઓ, તમને હથિયાર નો આલે, તમારે દેશીઓએ તો બસ ખોખાં ઊંચકવાનાં! ગધનાઓ! હમાલી કરવા જાઓ છો! સમજ્યા? ખાવાપીવાનો સામાન પહોંચાડવાનો!"

"પીવાનો સામાન!" એકાદ જવાનને એમાંય આશા દેખાઈ!

મૂછને તાવ દેતો વીરસિંહ બોલ્યો, "જે વીર હોય ઈ હમાલી નો કરે, હથિયારો ઈને ગોતતાં આવે!"

ગપુ ઘાંચજો બોલ્યો, "હાચી વાત, દશમનની ગોળિયું તમને ગોતતી આવહે. કંઈ ખબર છે? ઈ મોટી લડાઈમાં દેશી સૈનિકોને આગળ આગળ

રાખીને ગોરિયાઉ પાછળ પાછળ રે'હે. પણ શહીદ થાવાનો ખાનદાની શોખ હોય ઈને કોણ રોકે?"

મંગુભાઈ માસ્તર કહેવા લાગ્યા, "ઈંગ્લાંડમાં રાજાએ હકમ કીધો છ કે એમના તાબાના જેટલા મોટા દેશ છે, ઈ દરેકમાંથી સિપાહી બોલાવો. એકલા ભારતમાંથી પાંચ લાખ નવા રંગરૂટ મોકલવાના છે!"

મંગુમાસ્તરની અંદરનો બારોટ જાગી ઊઠ્યો અને એમણે એક કવિતડું જોડી કાઢ્યું,

*"ચાખડી છોડો, પહેરો બૂટ, નામ લખાવો*
*પોતડી છોડો, પહેરો સૂટ, નામ લખાવો*
*રોટલો મૂકી, ખાવ બિસ્કુટ, નામ લખાવો*
*છોડો ગરીબી, લ્યો સેલ્યુટ, નામ લખાવો"*

ધીરેધીરે સહુને પોતાની સમજશક્તિ અનુસાર સમજ પડવા માંડી.

વીરસિંહનો મિત્ર ચંદનસિંહ બોલ્યો, "ઓહ, એટલે ઓલા અંગરેજ એજંટે સૂરજબાપુ પાસે ફરમાન કઢાવ્યું. એમ જ ને!"

"ફરમાન તો કાઢ્યું, પણ સૂરજબાપુ અવઢવમાં હતા...!" દરબારથી હમણાં જ આવેલા મુખીએ કહ્યું.

"એમાં શેની અવઢવ? જેનામાં બહાદુરી હોય ઈ જાય, જે બાયલા હોય ઈ ખોરડે બેહી રિયે!" વીરસિંહ બોલ્યો.

મુખી બોલ્યા, "કંપનીના એજંટે સૂરજબાપુને 'પાંચ હજાર સિપાહી જોઈશે' એવો રુક્કો મોકલ્યો છે. હવે બન્ને ગામના ભાયડા મળીને માંડ આઠ નવ હજાર થતા હશે. એટલે એમની ઇચ્છા પૂરી કરવાની હોય તો આજે નહીં તો કાલે, બાલુડાં, ગલઢેરાં અને બીમારોને છોડીને બધાને ફરજિયાત મોકલવાના થાય!"

મંડળીમાં ગણગણાટ વ્યાપી ગયો. અમુક જુવાનિયાઓ ખાંસી ખાવા લાગ્યા, અમુકને ઝીણો તાવ હોય એમ ફાળિયાની પછેડી બનાવી ઓઢવા

લાગ્યા. જે લોકો છેલ્લાં દસ વરસથી 'ચાલીહ વરહનો છું', એમ કહેતા એમણે પોતાની 'પંચાવન'ની સાચી ઉંમર જાહેર કરી.

હળવાશની અને મજાકમસ્તીની પળો પછી મુખીએ કહ્યું, "સૂરજબાપુના મોટા કુંવર દિલીપસિંહ કિયે છ, અંગરેજુંની લડાઈ ઓલા જરમનિયાઉ સાથે હોય, એમાં આપણે હિન્દુસ્તાની શું કામ મરી ખપીએ? અને વહેલામોડા આપણે અંગરેજોની સામે ફરી વાર તાકાત એકઠી કરીને આઝાદી માટે લડવાનું છે, સત્તાવન જેવો બળવો કરવાનો છે, ત્યારે એમને આ જુદ્ધમાં સાથ આપવાનો શું મતલબ?"

એક વૃદ્ધ બોલ્યો, "દિલીપસિંહબાપુની વાત સોળ આની સાચી, પણ લડાઈમાં આપણાથી અંગ્રેજોને ન પુગાય! ન્યાં એક રાજા, એક ગવંડર, આપણે ન્યાં છસો રજવાડાં!"

મંગુમાસ્તરે વળી નવી વાત કાઢી, "અરે! હવે રજવાડાં નંઈ લડે, હવે લડાઈની રીત બદલાવાની! હવે પરજા લડશે. ન્યાં ડરબન આફ્રિકામાં આપણા કાઠિયાવાડી મોહનદાસે વગર હથિયારે ગોરાઓને ઝુકાવ્યા! કે'છે કે ઓણસાલ એ હિંદ આવવાના છે."

ગપુ ઘાંયજો એની સમજ પ્રમાણે બોલ્યો, "હથિયાર વગર લડવાનું? મુક્કામુક્કી? લાતંલાત?"

ચંદનસિંહ હસ્યો, "જા ગપુ, દુકાને જા અને ઘરાકની વત્તાં કર! તને હમજ નો પડે!" જોકે હથિયાર વગર કેવી રીતે લડાય એની સમજ તો એનેય નહોતી પડી!

મુખી બોલ્યા, "એ મોહનદાસ દલીપસિંહબાપુને કાગળું લખે છે! રાજકોટમાંય હંગાથે ભણેલા! અને ઇંગ્લાંડમાં હંગાથે ભણતાં ત્યારે પણ દલીપસિંહ મોહનદાસની સલાહ લેતા!"

ગપુ ઘાંયજો બોલ્યો, "લે કર વાત! ઈ મોહનદાસ આપણા મોટા કુંવરનોય મોટો બાપુ છે પાછો? ઈ કિયે છ હું દલપશીંને?"

મુખી બોલ્યા, "મોહનદાસ કિયે છ કે મોટી લડાઈમાં ઘવાયેલાની સારવાર કરવા જવાય. કોઈ દી લડવા નો જવાય!" બધા હસી પડ્યા!

ચંદનસિંહએ પૂછ્યું, "ને નાના કુંવર દુર્જેયસિંહ શું કિયે છ?"

બીજો વૃદ્ધ બોલ્યો, "ઈ તો અફીણનો નશો ઊતરે પછી કાંઈ બોલે ને!"

મુખી બોલ્યા, "કંપની એજંટે નાના કુંવર દુર્જેયસિંહને લલચાવવા હાટુ કીધું છે કે જો દિલીપસિંહની ઉપરવટ જઈ, ઈ કંપની બહાદુરને સૈનિકો મોકલે તો ભવિષમાં જ્યારે સૂરજબાપુ પાછા થાય પછી કંપની એને જ સૂરજગઢનો વારસ નીમે!"

વૃદ્ધ બોલ્યો, "હોતું હશે? રજવાડાંની રસમ છે, પચાહ વરહના મોટા કુંવર બેઠા હોય તંઈ નાનો કુંવર કોઈ દી ગઢનો વારસ નો થાય!"

"અને ઈ દુર્જેયસિંહ વળી પાછો મોટા કુંવર દિલીપસિંહ જેવો રૈયતનું રૂડું કરે એવો નથ. ભૂંડુ કરે એવો છ!"

"પણ ટીડા જોશીએ તો છાતી ઠોકીને નાના કુંવરને કીધું છ કે 'ગ્રહોની ચાલ કિયે છ કિ તમે ગાદીએ બેહવાના!' ટીડો જોશી ખોટો નો પડે, બોલ લાગી શરત?"

સૂરજગઢની રાજખટપટના પારાયણથી કંટાળેલા વીરસિંહે ચંદનસિંહને ઇશારો કર્યો, બન્ને ગોઠિયાઓ ઘોડો લઈને વગડાની દિશામાં નીકળી ગયા.

•

ટીલા પર કૂકરી રમતી વત્સલા અને વીણામાંથી વીણાને પહેલા ઘોડાની ટાપ સંભળાઈ.

એણે વત્સલાનું ધ્યાન દોર્યું. વત્સલાએ એ દિશામાં કાન દઈ કહ્યું, "વીરસિંહ આવે છે અને સાથે... ચંદનસિંહ છે!"

ચંદનસિંહનું નામ સાંભળી વીણા લજ્જાથી રતુંબડી થઈ. છતાં બનાવટી છણકો કરી બોલી, "અટાણે નવરા થઈ ગ્યા! મલકમાં જુદ્ધની રણભેરી વાગે છ, અને આ જવાનિયા છોકરિયુંને મળવા નીકળ્યા!"

વીણા વત્સલાની નજીક રહેતા ખવાસની દીકરી. અને ચંદનસિંહ ગરાસિયો. પણ વીરસિંહ અને વત્સલાને સાથ આપતાં આપતાં ચંદનસિંહ અને વીણાની પણ આંખ મળી ગઈ હતી. કૂકરીની રમત સમેટાઈ ગઈ. બન્ને છોકરીઓ ખીજડાના ઝાડ નીચેના પથ્થર પર ચડીને પોતાની ચાર હાથની ઊંચાઈને સાડા ચાર હાથની કરવા મથી રહી, પણ એમના મનના માણીગરનાં દર્શન ન થયાં!

વત્સલા બોલી, “આ જવાનિયાઉ બહુ બાવરા! દિવસમાં બીજી વાર મળવા આવ્યા!”

“અરે, વ્હાલી! અટાણે મળી લે સાહ્યબાને! એક વાર જંગમાં જવા હાલી નીકળહે ને, તો બે વરહેય પાછા નહીં આવે!”

વત્સલા બોલી, “પણ ત્યાં તુરક કે જરમન મલક જઈને લડવાની આપણે શી જરૂર? સિપાહી છો તો રક્ષા કરો ને માભોમની! એમાં બેમત નહીં. કોઈ માલવપુર કે સૂરજગઢની ઓલીપાથી હુમલો કરે, તો લડો! ખપી જાઓ! પણ ઘરબાર છોડીને છેક સમદરપાર...”

વીણા બોલી, “આપણને બાઈયુંને ઘરબારમાં જ હમજ પડે ને ઈ ભાઈડાયુંને આખી દુનિયાની ખબર પડે!”

“હા, આપણી રમતું આ કૂકરી જેવી, એનો ની’મ એ કે એમાં બે પગથી છૂટથી દોડાય નહીં, એક પગે લંગડી કરવાની, ચોકઠાની બહાર જવાય નહીં અને આખરે નવા ચોકઠામાં પગ મૂકવા જગ્યા નોં મળે તો પોતાના ચોકઠે પાછા આવવાનું...”

“ને આ મરદોના પગ તો ઠરે નહીં, એ તો ઘોડાની પાંખે ઊડે!” વીણાએ વત્સલાની વાતમાં સૂર પુરાવ્યો.

બે સખીઓ આમ રાહ જોવાની ઘડીઓ પસાર કરી રહી. સામે કાંઠે કૃષ્ણમંદિરમાં આરતી ટાણાની ઝાલર વાગી. બન્ને સખીઓએ રાહ જોવાની આ ઘડીઓ, ઘડીઓ જ રહે, વરસો ન બની જાય એવી આરત હવામાં વહેતી મૂકી અને એ હવાથી શિવમંદિરની ધજા સહેજ ફરફરી.

•